# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

**પીજીવીસીએલ, રજી. અને કોપોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**
**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**
**E-Mail- forum.pgvcl@gebmail.com**

**પીજીવીસીએલ/સીજીઆરએફ/૩૨/ક્વા-૩/૧૯-૨૦/૨૯૨–૮** **તા.૧૫–૦૧–૨૦**

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ,**રાજકોટ**ના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- ૩૨/ક્વા-૩/૧૯-૨૦

અરજદાર: **ગોવિંદભાઈ બેચરભાઈ સાવલિયા** ગામ: **રાજકોટ**
રજૂઆત કરનાર: **અરજદાર વતી તેના પ્રતિનિધિ તરીકે જયંતિ પી. મારવીયા અને વિશાલ એલ. મારવીયા હાજર રહેલ છે.**

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ વિભાગીય કચેરી – **રાજકોટ શહેર-૩**
રજૂઆત કરનાર: કાર્યપાલક ઈજનેર શ્રી **પી.જે.મેહતા** પીજીવીસીએલ વિભાગીય કચેરી – **રાજકોટ શહેર-૩** અને નાયબ ઈજનેર શ્રી **એચ.ડી.ખાંડેકા** પીજીવીસીએલ પેટા વિભાગીય કચેરી મવડી રોડ

## :: કોરમ ::

૧) ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ,
૨) મેમ્બર સ્વતંત્ર - શ્રીમતી કોકિલાબેન જે. મોટાણી

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, શહેર વર્તુળ કચેરી, રાજકોટ
તારીખ: ૦૭-૦૧-૨૦૨૦ (મંગળવાર )

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૦૭-૦૧-૨૦૨૦ (મંગળવાર) ના રોજ રાખવામાં આવેલ હતી. જેમાં ઉપર મુજબ ના પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ **અરજદાર ગોવિંદભાઈ બેચરભાઈ સાવલિયા ગામ -રાજકોટ, તેઓની અરજીના નોંધણી નં: ૩૨/ક્વા-૩/૧૯-૨૦, માં જણાવે છે કે**, તેઓ ગ્રાહક નં.–૩૦૬૦૮–૨૧૦૨૦–૦ થી એન.આર.જી.પી વીજજોડાણ ધરાવે છે, જેમા વીજબીલ માહે સપ્ટેમ્બર–ઓકટોબર– ૧૯ તા.૨૩–૧૦–૧૯ માં ૫૪૮૫ યુનીટનુ વીજબીલ રકમ રૂ.૪૪,૯૪૫/૭૧ અવાસ્તવિક બીલ આવેલ છે. અરજદારનુ સરેરાશ વીજવપરાશ ૨૪૦ યુનીટ આવતુ હોય – જેથી સદર વીજબીલ રદબાતલ કરીને નવુ વીજબીલ આપવા માટે – તેમજ નિર્ણય ન આવે ત્યા સુધી પાવર સપ્લાય ન કાપવા – અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 અરજદાર ની રજૂઆત અન્વયે પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે- મવડી રોડ સબડીવીઝનના અરજદાર શ્રી ગોવિંદભાઈ બેચરભાઈ સાવલિયાને આપવામાં આવેલ માહે સપ્ટેમ્બર-ઓક્ટોબર-૧૯ નું વીજ બીલ બરાબર છે. અરજદાર શ્રી ની વધારે બીલ ની ફરિયાદથી મવડી રોડ સબડીવીઝન દ્વારા તા.૦૪.૧૧.૧૯ ના રોજ મીટર બદલાવેલ અને તા.૦૨.૧૨.૨૦૧૯ ના રોજ થયેલ લેબ મુજબ મીટરમાં ૩૦૦૮૬.૯૦ રીડીંગ આવેલ તેમજ તેનું પરિણામ પણ બરાબર આવેલ જેથી રૂ.૪૪૯૪૫.૭૧ નું અપાયેલ વીજ બીલ બરાબર છે જે ગ્રાહક શ્રી ને ભરવા પાત્ર હોય સબડીવીઝન દ્વારા ગ્રાહક શ્રી ને સદર બીલ ભરી જવા પત્ર તા.૧૧-૧૨-૧૯ થી જાણ કરેલ છે

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખીત રજુઆત તથા સામાવાળાની રજુઆત અને રજુ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી તરફથી નીચે મુજબ નો નિર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદાર ગોવિંદભાઈ બેચરભાઈ સાવલિયા મવડી પેટા વિભાગીય કચેરી હેઠળ ગ્રાહક નં.–૩૦૬૦૮–૨૧૦૨૦–૦ થી ૬ કીવો કરારીત વીજભારનુ એન.આર.જી.પી ટેરીફ હેઠળ નુ વીજજોડાણ ધરાવે છે. અરજદારને વીજબીલ માહે સપ્ટેમ્બર–ઓકટોબર– ૧૯ મા ૫૪૮૫ યુનીટ નુ – વીજબીલ તેમની સરેરાશ વીજવપરાશ કરતા વધુ આવેલ હોય – અરજદારે પેટા વિભાગીય કચેરી મા સદર બાબતે યોગ્ય કરવા રજુઆત કરેલ – પરંતુ ન્યાય ન મળતા અરજદારે અત્રેના ફોરમ સમક્ષ રજુઆત કરેલ છે.

૪.૨ અરજદારની વધુ વીજબીલ આવવા બાબતે ની ફરીયાદ અન્વયે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા તા.૦૪–૧૧–૧૯ ના રોજ એલએન્ડટી કંપનીના મીટર નં.– ૮૨૪૨૦૮૧ ઉતારી અને પેપરપેક ગ્રાહક ના પ્રતિનીધી ની હાજરીમાં કરેલ છે. ચેકીગ શીટ મુજબ જોડેલ કુલ વીજભાર (૨ટયુબ ૧૧૦+૨ પંખા ૧૨૦+૨ લેમ્પ ૧૮+ પાણીની મોટર ૭૪૬ ) ૯૯૪ વોટ નોંધાયેલ છે અને મીટર ઉતારતી વખતે રીડીંગ ૩૦૦૮૬.૯ નોંધાયેલ છે. સદર મીટર નુ લેબોરેટરી મા તા.૦૨–૧૨–૧૯ ના રોજ ગ્રાહક ના પ્રતિનીધી ની હાજરીમાં ચકાસણી કરવામા આવેલ – જેના રીપોર્ટ મુજબ – ૩૦૦૮૬.૯ KWH અને M.D. ૩.૦૫ KW નોંધાયેલ છે અને મીટર ને ટેસ્ટીંગ બેંચ પર એકયુચેક ટેસ્ટ લેતા –૧.૨૮% આવેલ છે. તેમજ આર.ટી.સી. ફેઈલ છે, અને એમ.આર.આઈ. અહેવાલ લીધેલ છે. એમ.આર.આઈ. અહેવાલ મુજબ – સદર મીટરના ટેસ્ટીંગ વખતે તારીખ અને સમય અને વાસ્તવિક તારીખ અને સમય નીચે મુજબ જણાયેલ છે.

| Date & Time (Meter) | Date & Time (Actual) |
|---|---|
| 30-Nov-19 0:49:27 | 02-Dec-19 11:41:49 |

સદર મીટરના આર.ટી.સી. પ્રમાણે –મીટરનો સમય ૦૨ દિવસ અને ૧૦કલાક ૫૨(બાવન) મીનીટ અને ૨૨(બાવીસ)સેકન્ડ – ખરા સમયથી પાછળ બતાવે છે.

૪.૩ અરજદારની રજુઆત મુજબ – સદર ગ્રાહક ના વીજજોડાણનં.–૩૦૬૦૮–૨૧૦૨૦–૦ ના પી.આર.ટી.–૧૪૫ મુજબ – વર્ષ વાઇઝ બીલીગ સમયગાળા મુજબ – વીજવપરાશ ની સ્થિતી નીચે મુજબ છે.

| Month/ Year | 2016 | | | 2017 | | | 2018 | | | 2019 | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | C.R. | Status | unit | C.R. | Status | unit | C.R. | Status | unit | C.R. | Status | unit |
| Jan-Feb | 16074 | | 310 | 18984 | | 207 | 21618 | | 314 | 23693 | | 237 |
| Mar-Apr | 16675 | | 601 | 19352 | | 368 | 22436 | | 818 | 24000 | | 307 |
| May-Jun | 17733 | | 1058 | 20274 | | 922 | 23122 | | 686 | 24308 | | 308 |
| Jul-Aug | 18225 | | 492 | 20610 | | 336 | 23223 | | 101 | 24479 | | 171 |
| Sep-Oct | 18504 | | 279 | 20610 | L | 0 | 23358 | | 135 | 29964 | | 5485 |
| Nov-Dec | 18777 | | 273 | 21304 | | 694 | 23456 | | 98 | 388 | C | 510 |
| TOTAL | | | 3013 | | | 2527 | | | 2152 | | | 7018 |
| AVERAGE | 06 BILL | | 502 | 06 BILL | | 421 | 06 BILL | | 359 | 06 BILL | | 1170 |

વધુમાં પીજીવીસીએલ પક્ષકાર દ્વારા રજુ કરાયેલ સવાલવાળા મીટર ના એમ.આર.આઈ. અહેવાલ મુજબ – અને મીટર રીડર દ્વારા લેવાયેલ રીડીંગ મુજબ – અપાયેલ બીલ ના વીજવપરાશ ની સરખામણી નીચે મુજબ છે.

| AS PER BILLING CYCLE | | | AS PER MRI | | | |
|---|---|---|---|---|---|---|
| BILLING DATE | CURRENT READING | Diff | DATE | CURRENT READING | Diff | BMD |
| 29-10-18 | 23358 | | | | | |
| 24-12-18 | 23456 | 98 | 01-01-19 | 26553.44 | 350.67 | 3.687 |
| 01-03-19 | 23693 | 237 | 01-03-19 | 26904.11 | 654.26 | 3.658 |
| 24-04-19 | 24000 | 307 | 01-05-19 | 27558.37 | 1419.79 | 4.829 |
| 25-06-19 | 24308 | 308 | 01-07-19 | 28978.16 | 532.98 | 5.828 |
| 28-08-19 | 24479 | 171 | 01-09-19 | 29511.14 | 567.84 | 5.187 |
| 23-10-19 | 29964 | **5485** | 01-11-19 | 30078.98 | | |

૪.૪ ચેકીંગશીટ મા કુલ ૯૯૪ વોટ નોંધાયેલ છે.**તેમજ અરજદારનું વીજજોડાણ NRGP ટેરીફ નું હોય તેમજ અરજદારના જણાવ્યા મુજબ સદર જગ્યામાં આવેલ એક ઓફીસમાં વીજવપરાશ કરવામાં આવે છે. તેમજ અરજદારને આપવામાં આવેલ વીજ બીલ માહે** સપ્ટેમ્બર–ઓકટોબર– ૧૯ મા ૫૪૮૫ યુનીટ નુ રૂ.૪૪,૯૪૫/૭૧– વીજબીલ તેમની સરેરાશ વીજવપરાશ કરતા વધુ આવેલ છે. વધુમાં ઉપરોકત મુદદા નં. ૪.૨ મુજબ ની વિગતે – મીટરનો આર.ટી.સી. મુજબ સમય માત્ર ૦૨ દિવસ અને ૧૦કલાક ૫૨(બાવન) મીનીટ અને ૨૨(બાવીસ)સેકન્ડ – ખરા સમયથી પાછળ હોય – તેમજ મીટરમાં મહતમ ડિમાન્ડ – અરજદારના હાલમાં જોડેલ વીજભાર કરતા – અસાધારણ રેકર્ડ થયેલ જણાય છે.

વધુમાં પીજીવીસીએલ પક્ષકાર દ્રારા તા.૧૦–૦૧–૨૦ ના રોજ અરજદારના પ્રતિનીધી ની હાજરીમાં સવાલવાળુ મીટર બદલ્યા બાદ નવા મીટરમાં પેરામીટર ની નોંધણી માટે સ્થળ રોજકામ કરેલ – તે મુજબ મીટર ના સીરીયલ નં. – ૨૯૭૧૧૫ – મેઈક એચ.પી.એલ. મા નીચે મુજબ ના પેરામીટર નોંધાયેલ છે.

| Voltage | | | Current (A) After Switching on Submersible Pump | | | KWH |
|---|---|---|---|---|---|---|
| R-Phase | Y-Phase | B-Phase | R-Phase | Y-Phase | B-Phase | |
| 254.01 | 249.06 | 249.75 | 5.82 | 5.7 | 5.55 | 482.3 |

અરજદારનુ મીટર તા.૦૪–૧૧–૧૯ ના રોજ બદલ્યા બાદ તા.૧૦–૦૧–૨૦ સુધીમાં એટલેકે – ૬૭ દિવસમા કુલ ૪૮૨.૩ યુનીટ નો વીજવપરાશ થયેલ છે. તે મુજબ પ્રતિદીન ૭.૧૯ યુનીટ નો વીજવપરાશ નોંધાયેલ છે.

૪.૫ સદર કેઈસ મા, એમ.આર.આઈ. અહેવાલ મુજબ ના રીડીંગ તથા મીટર રીડર દ્રારા બીલમાં દર્શાવેલ મીટર રીડીંગ નો અભ્યાસ કરતા મીટરની આર.ટી.સી. ફોલ્ટી હોવાથી અસાધારણ વીજબીલ ના પેરામીટર રેકર્ડ થયેલ છે – જેથી અરજદારને સપ્લાય નામદાર જીઈઆરસી ના ધારાધોરણ– એટલેકે નોટીફિકેશન નંબરઃ ૦૪/૨૦૧૫ ના મુદદા નં. ૬.૫૮ મા કરાયેલ જોગવાઈ મુજબ –સદર કેઈસ મા, ખામી યુકત મીટર બદલ્યા પછી ની મુદત ના બે / ત્રણ બીલ ની અવધી દરમ્યાન થયેલ સરેરાશ વીજવપરાશ ગણતરીમાં લઈ શકાય.

આ તબ્બકે અરજદાર ને અપાયેલ ૫૪૮૫ યુનીટ નુ રૂ.૪૪,૯૪૫/૭૧ નુ બીલ રદ કરવાની પીજીવીસીએલ ને સુચના આપવામા આવે છે. તેમજ સદર વિવાદીત વીજબીલના સમયગાળા (૫૬ દિવસ) માટે મીટર બદલ્યા બાદ ની પ્રતિદીન ૭.૧૯ યુનીટ નો સરેરાશ વીજવપરાશ નોંધાયેલ છે. તે મુજબ (૫૬ દિવસ ×૭.૧૯ ) ૪૦૩ યુનીટ નુ વીજબીલ અરજદારની લાગુ પડતા ટેરીફ મુજબ રીવાઇઝ કરી આપવાની પીજીવીસીએલ પક્ષકાર ને સુચના આપવામા આવે છે. સદર રીવાઇઝ વીજબીલ ની રકમ અરજદારે નિયમાધીન ભરપાઈ કરવાની રહેશે.

૪.૬ સદર કેઈસ મા, ઉપરોકત મુદદા નં. ૪.૫ મુજબ ની વિગતે હુકમ કરવામા આવે છે.

૪.૭ અરજદાર ની ફરીયાદ નો આ તબ્બકે નિકાલ કરવામા આવે છે.

| | |
|---|---|
| (કે. જે. મોટાણી) | (જે.બી.પારેખ) |
| સભ્ય (સ્વતંત્ર) | ચેરપર્સન |

નોંધ:

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન ૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૯ જાહેરનામા નં.૨/૨૦૧૯ ની કલમ ૩.૧૯ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૯ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(૩) લોકપાલ નું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯